ગાંધીનગર સમાચાર

તા. ૧૭-૯-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### પેટા ચૂંટણી : પ્રજાના મિજાજનું પ્રતિબિંબ

પેટાચૂંટણીઓમાં સામાન્ય પરંપરા મુજબ શાસક પક્ષ તરફ વલણ રહેતું હોય છે. પ્રજા જાણતી હોય છે કે નાનાં મોટાં વિકાસકાર્યો કે અંગત કામો ચાલુ સરકાર સાથે રહેવાથી પાર પાડી શકતાં હોય છે. તેથી મતદાન નીરસ રહે તો પણ મહદંશે એ શાસક પક્ષની તરફેણમાં થતું હોય છે. તેથી હજી જે સામાન્ય ચૂંટણીનાં પરિણામોની શાહી સુકાઈ નથી, એ પછીની પેટાચૂંટણીમાં આશ્ચર્યજનક અને અણધાર્યા પરિણામો આવે તે જરૂર શાસક પક્ષ અને નેતા સામનો અણગમો જ દર્શાવે છે, એટલું તો ખુદ નરેન્દ્ર મોદી પણ કબૂલશે. મોદી મોજું ઠંડી પડી ગયું હોવાના સંકેત તો ઉત્તરાખંડ અને કર્ણાટકની તથા બિહારની પેટાચૂંટણીનાં પરિણામો પરથી જ સ્પષ્ટ થઈ ગયું હતું. મોદી જેવા વિચક્ષણ નેતા આવા પૂર્વ સંકેતો પારખી ન શકે એ વાતમાં માલ નથી. સો દિવસના શાસનકાળમાં ભારતીય જનતા પાર્ટી કરતાં વ્યક્તિગત રીતે નરેન્દ્ર મોદી જ છવાયેલા રહ્યા એથી રાષ્ટ્રીય સ્તરે 'વન મેન શૉ' જ જોવા મળ્યો છે. મોદી પોતાની છબી વધુને વધુ વિશાળ કરવાની લાલસામાં પગ નીચેથી સરકી રહેલી ધરતીનો અંદાજ ન લગાવી શક્યા હોય તે બનવાજોગ છે. ઝુઝારુ પ્રચારઝુંબેશ અને પાર્ટીની વરિષ્ઠ નેતાગીરી સાથેની સ્પર્ધા પછી મળેલ વડાપ્રધાનપદનો સુભગ વિનિયોગ કરી મોદી રાષ્ટ્રીય નેતા કરતાં વિશેષ આંતરરાષ્ટ્રીય નેતાના રાજાપાઠમાં આવી ગયા છે. એમને પેટાચૂંટણીઓમાં મુદ્લ રસ નહોતો એમ તો ન કહેવાય, પરંતુ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પોતાની જ પસંદગીના વિવાદાસ્પદ ગુજરાતી સાથીને પ્રસ્થાપિત કરવાનું એમનું પગલું પાર્ટીએ તો મનોમન મૂંગા મોં એ સ્વીકારી લીધું પણ પ્રજાને એ નથી ગમ્યું એવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. વળી પેટા ચૂંટણી એ સ્થાનિક મુદ્દાઓ અને ઉમેદવારોના અંગત પ્રભાવ પર લડાતી હોય છે અને બહુ બહુ તો પ્રાદેશિક નેતાગીરી પ્રત્યેનો અભિગમ દર્શાવે છે, એને રાષ્ટ્રીય નેતાગીરી પ્રત્યેનો લોકમત તરીકે ન જોવી જોઈએ એવી દલીલો પણ થતી રહે છે. મોદીએ 'સૌનો સાથ, સૌનો વિકાસ' જેવું રૂપકડું સૂત્ર આપી સુશાસનની ખાતરી આપી હતી. એમને જરૂર પડ્યે પાકિસ્તાન અને ચીનને બોધપાઠ ભણાવવાની વાત કરી હતી. કેટલીક બાબતોમાં એમનો વ્યવહાર ચૂંટણી સમયે કરેલ વચનોની લહાણીથી વિપરીત જ રહ્યો. હજી સુધી વિદેશી બેંકોમાંથી કાળું નાણું ભારતમાં લાવી શકાયું નથી તેમ સરહદો પર પાડોશી દેશો દ્વારા થતી ઘૂસણખોરી પણ રોકી શકાઈ નથી. ચીનના પ્રમુખને પ્રોટોકોલ બાજુએ મૂકી વડાપ્રધાન એરપોર્ટ પર તેડવા તો પહોંચી જાય છે, પરંતુ લડાખમાં બે દિવસથી અડિંગો જમાવી રહેલ ચીની સૈનિકોને પાછા તગેડી મૂકવાના મુદ્દે કોઈ હરફ સરખો ઉચ્ચારી શકતું નથી. ચીન કયારેય ભરોસાપાત્ર રહ્યું નથી. મીઠા સંબંધો બાંધવાની વાતો કરતાં રહેવું અને પીઠ પાછળ ઘા કરવો એ ચીનની કૂટનીતિથી ભારત સુપરિચિત છે. ચીની પ્રમુખને અમદાવાદ તેડી લાવનાર વડાપ્રધાનને એક તરફ આ સૈનિકોની ઘૂસણખોરીનો અજંપો હશે અને બીજી તરફ પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને પડેલી લપડાકની ચચરાટી હશે. જિજીવિષા અને વિઝિગીષા ગુમાવી બેઠેલી કોંગ્રેસની દિશાહીન નેતાગીરી માટે ગુજરાત અને રાજસ્થાનનાં પરિણામો બગાસું ખાતાં મોઢામાં પતાસું આવી ગયું હોય એવા સુખદ આશ્ચર્ય સમાન છે. તો વળી રાજસ્થાનમાં મહારાણી વસુંધરા રાજેનું પોત ટૂંકા ગાળામાં જ પરખાઈ ગયું છે અને ત્યાં પ્રજા ફરી સચીન પાઈલટ જેવા કોંગ્રેસના લોકપ્રિય યુવા નેતા તરફ ઢળી રહી છે. 'કોંગ્રેસમુક્ત ભારત' નું મોદીનું સપનું બહુ જલદી ખોટું ઠરી રહ્યું છે. ભારતીય જનતા પાર્ટી કરતાં કોંગ્રેસનાં મૂળ ઘણાં ઊંડા છે અને ગમે તેવા આકરાં ઝંઝાવાતો વેઠીને પણ એ બેઠી થઈ રહી છે. મોદી મંડળીને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે એમની હોમ પીચ પર જ કોંગ્રેસ શાનદાર પુનરાગમન કરી શકશે. ગુજરાતની તમામ બેઠકો ભાજપના કબજામાં હતી એટલે જે ત્રણ વિધાનસભાની બેઠકો કોંગ્રેસને મળી છે તે મોદી, અમિત શાહ, આનંદીબહેન પટેલ અને ફળદુ સામે પ્રજાએ દર્શાવેલી લાલબત્તી સમાન છે. ગુજરાત પર બાર વર્ષથી વધુ સમય માટે એકહથ્થુ શાસન ચલાવ્યા પછી મોદીની ગેરહાજરીમાં ગુજરાતમાં ભાજપનું કેવું અને કેટલું વજૂદ રહેશે, એની આછીપાતળી પ્રતીતિ આ ચૂંટણી પરિણામોમાં દૃષ્ટિગોચર થાય છે. મહિલા મુખ્યમંત્રીના નેતૃત્વ અને સંભવિત પટેલવાદી રાજકારણ સામે આ પરિણામોએ એક પ્રશ્નાર્થ ખડો કરી દીધો છે. અલબત્ત, વસુંધરા રાજેની સરખામણીમાં આનંદીબેન પટેલની સ્થિતિ સંતોષકારક ગણાશે. ભાજપને સૌથી મોટો ફટકો ઉત્તરપ્રદેશમાં પડ્યો છે. યોગી આદિત્યનાથ, સાક્ષી મહારાજ અને મેનકા ગાંધી એ ઉત્તરપ્રદેશ ભાજપને કફોટી હાલતમાં મૂકી દીધું છે. જે ઉત્તરપ્રદેશમાં હિંદુ મતોનું ધ્રુવીકરણ કરાવી એંશીમાંથી તોંત્તેર જેટલી બેઠકો ભાજપ અને સહયોગીઓના ફાળે ગઈ હતી ત્યાં એ જ શસ્ત્ર બૂમરેંગ થયું છે અને સમાજવાદી પાર્ટીએ અગાઉ ભાજપ પાસે હતી એ પૈકીની મોટા ભાગની બેઠકો ખૂંચવી લીધી છે. લોકસભાની બે બેઠકો પપર ચૂંટાયા પછી આઝમગઢની બેઠક ચાલુ રાખીને મુલાયમસિંહે મૈનપુરીની બેઠક છોડી દીધી હતી જે એમના ભત્રીજા તેજપાલ યાદવના ફાળે ગઈ છે. સમાજવાદી પાર્ટીનો ગત લોકસભામાં સંપૂર્ણ સફાયો થયો હતો, એને ફક્ત દોઢસો દિવસોમાં નવજીવન પ્રાપ્ત થયું છે. આસામમાં થયેલાં કોમી તોફાનોને કારણે કોંગ્રેસને સહન કરવું પડ્યું છે. પશ્ચિમ બંગાળમાં બે બેઠકો પૈકી બશીરઘાટની બેઠક જીતીને ભાજપે ખાતું ખોલાવ્યું છે. વડાપ્રધાનના લોકસભાના મત વિસ્તારની અંદર આવતી વિધાનસભાની બેઠક સમાજવાદી પાર્ટીએ જીતી લીધી છે, તે જ શું મોદી મોજું ઠંડુ પડી ગયું હોવાનું પ્રત્યક્ષ પ્રમાણ નથી? પ્રજાએ એનો અણગમો સ્પષ્ટપણે દર્શાવી દીધો છે - સમજદાર કો ઈશારા કાફી હૈ!

## વનશ્રી ટ્રસ્ટે ઓઝોન દિવસ મનાવ્યો

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં આજે વિવિધ સંસ્થાઓ દ્વારા ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વનશ્રી ટ્રસ્ટ દ્વારા આજે ભોંયણ પ્રાથમિક શાળામાં ઓઝોન દિવસ નિમિત્તે સેમિનાર યોજવામાં આવ્યો હતો.

નગરને હરિયાળુ બનાવવામાં અગ્રેસર રહેતી વનશ્રી ટ્રસ્ટ દ્વારા ઓઝોન દિવસ મનાવવામાં આવ્યો હતો. ભોંયણના રામપુરા પ્રાથમિક શાળામાં ઓઝોન દિવસ નિમિત્તે સેમિનાર યોજાયો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓને અંજના નિમાવતે ઓઝોન દિવસની માહિતી આપી હતી. આચાર્યા ભાવનાબેન પટેલ, વનશ્રી ટ્રસ્ટના જયેન્દ્ર સોલંકી, આશુતોષ તિવારી, ધવલ રાઠોડે માહિતી પુરી પાડી હતી.

## સહકારી મંડળીઓની માહિતી આપતી શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

ચૌધરી કોલેજ સેકટર-૭ની વિદ્યાર્થીનીઓને સહકારી મંડળીઓની માહિતી પુરી પાડતી શિબિર યોજવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓને સહકારી મંડળી અને ઉદ્યોગો અને સબસીડી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ વિદ્યાર્થીઓને મંડળીના લાભ લેવા પણ જણાવવામાં આવ્યું હતું.

## આપણી જરૂરીયાત મર્યાદીત કરી પર્યાવરણ બચાવવું જોઈએ

### ઓઝોન દિવસ સે-૧૫ વિજ્ઞાન કોલેજમાં કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા.૧૬

સેકટર-૧૫ સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઓઝોન દિવસને લઈને જન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ 'ઓઝોન પડની સુરક્ષાનું મીશન વણથંભ્યું છે' થીમ પર યોજાયો હતો.

પૃથ્વીની આસપાસ વાયુમંડળમાં ઓઝોન વાયુનું પડ આવેલું છે. રસાયણ ક્ષેત્રે થયેલા માનવીય વિકાસ અને પ્રદુષણને કારણે આ પડમાં નુકશાન થાય છે અને તેની અસર પૃથ્વી પરના જીવો પર થાય છે. ત્યારે ઓઝોન પડની જાળવણી માટે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા 'ઓઝોન પડની સુરક્ષાનું મીશન વણથંભ્યું છે', વિષય પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સેકટર-૧૫ સરકારી વિજ્ઞાન કોલેજમાં એમ.જી. શેખ વૈજ્ઞાનિક અધિકારી પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષપદે યોજાયો હતો. તેમણે ઓઝોન પડની જાળવણી માટે સરકાર દ્વારા પગલા લેવામાં આવતા પગલાઓની ચર્ચા કરી હતી. ટ્રસ્ટી અનીલ પટેલે પાવર પોઈન્ટ પ્રેઝન્ટશન બતાવી ઓઝોન વાયુની ઉત્પત્તિ અને તેના દ્વારા થતા નુકશાનની માહિતી આપી હતી. નરેશભાઈએ આપણી જરુરીયાત મર્યાદીત કરી પર્યાવરણને બચાવવા ભાર મૂકયો હતો. કાર્યક્રમમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ૫૦ પ્રાધ્યાપકો જોડાયા હતા. કાર્યક્રમનું આયોજન સાયન્સ કોલેજના ડૉ. તારક ઠકકર, નિસર્ગ સેન્ટરના હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે કર્યું હતું.

## શાળાઓમાં નવરાત્રિ પૂર્વે પ્રથમ વાર્ષિક પરીક્ષા પૂર્ણ થઈ જશે

### જિલ્લાની ૩૦૦ માધ્યમિક શાળાઓમાં પરીક્ષાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૬

જિલ્લાની માધ્યમિક શાળાઓમાં પ્રથમ વાર્ષિક પરીક્ષા શરૂ થઈ ગઈ છે. ૧૫ સપ્ટેમ્બરથી શરૂ થયેલી પ્રથમ વાર્ષિક કસોટી નવરાત્રિ પૂર્વે પૂર્ણ થઈ જાય તે મુજબનુ આયોજન કરવામાં આવ્યું છે.

શહેરમાં નવરાત્રિ પૂર્વે પરીક્ષાની મોસમ નિખરી છે. જિલ્લાની માધ્યમિક અને કેટલીક ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રથમ વાર્ષિક પરીક્ષાનો પ્રારંભ થઈ ગયો છે. જિલ્લાની ૩૦૦ માધ્યમિક શાળાઓમાં તા. ૧૫ સપ્ટેમ્બરથી પ્રથમ વાર્ષિક પરીક્ષા શરૂ થઈ ગઈ છે. જ્યારે અન્ય કેટલીક ખાનગી પ્રાથમિક શાળાઓમાં પણ પ્રથમ વાર્ષિક પરીક્ષા ચાલુ થઈ ગઈ છે. નવરાત્રિ પૂર્વે શાળાઓમાં પ્રથમ વાર્ષિક પરીક્ષા પૂર્ણ થઈ જાય તે મુજબનું આયોજન કરવામાં આવ્યુ છે. નોરતા પર્વે પરીક્ષાનું ટાઈમ ટેબલ ગોઠવી દેવાતા વિદ્યાર્થીઓએ પણ હાંશકારો વ્યક્ત કર્યો છે. હાલ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીગણ અભ્યાસ-વાંચનમાં તલ્લીન બન્યા છે.

## અડાલજ માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે હિન્દી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

તા. ૧૫-૯-૨૦૧૪ ને સોમવારના રોજ શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ અને ડિવાઈન પબ્લીકેશન્સ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 'હિન્દી દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત 'આધુનિક યુગ મે ભૂલ રહે સંસ્કાર' વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની ગ્રાન્ટેડ પી.ટી.સી. કોલેજોના ભાઈઓ અને બહેનો તેમજ માણેકબા બાલ અધ્યાપન મંદિર, અડાલજની તાલીમાર્થી બહેનોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર અને હિન્દી વિષયના તજજ્ઞ એવા ડૉ. કેશુભાઈ દેસાઈ તથા રાઘવજી માધડ ખાસ ઉપસ્થિત રહી વિષય સંદર્ભિત વ્યાખ્યાન આપી પ્રશિક્ષણાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રો. અમૃતભાઈ ચૌધરી તથા મ.શિ. મુકેશ વૈદ્યે તેમના વક્તવ્યમાં હિન્દી દિવસ વિશે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી.

વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમક્રમે પંચાલ રિશિતા હરેશભાઈ (માણેકબા પી.ટી.સી. કોલેજ, અડાલજ), દ્વિતીયક્રમે ચૌહાણ પૂનમ બલરામસિંહ (હરિજન આશ્રમ પી.ટી.સી. કોલેજ, અમદાવાદ) અને તૃતીયક્રમે પંડ્યા ધરતી જીતેન્દ્રભાઈ (માણેકબા પી.ટી.સી. કોલેજ, અડાલજ) વિજેતા બન્યા હતા. આ વિજેતાઓને પ્રો. અમૃતભાઈ ચૌધરી, ડૉ. કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, સંસ્થાના આચાર્ય સુરેખાબેન ચૌધરીના હસ્તે શિલ્ડ, 'ભણો તો એવી રીતે ભણો' 'શિક્ષકધર્મ' પુસ્તકો તથા પ્રમાણપત્રો સહિતની કીટ એનાયત કરવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પણ પુસ્તકોની કીટ આપવામાં આવી હતી. આ જ સંસ્થામાં શિક્ષકદિનની ઉજવણીમાં શિક્ષક બનેલ તમામ તાલીમાર્થીઓને 'સર્વપલ્લી રાધાકૃષ્ણ' પુસ્તક આપી પ્રોત્સાહિત કર્યા હતા.

સ્પર્ધાનો ફરતો શિલ્ડ સંસ્થાના આચાર્યા સુરેખાબેન ચૌધરીએ બીજા વર્ષે પણ સ્વીકાર્યો હતો. બધા જ વક્તવ્યોનો સાર એ હતો કે મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગથી રાજ્યભાષાઓનું બાળ મરણ થઈ રહ્યું છે. આજનો નાગરિક માતૃભાષા ભૂલી ગયો છે અને 'ગુજલિશ' ભાષા વાપરતો થયો છે. જે આવતીકાલ માટે પડકારરૂપ છે. વળી, હિન્દીને રાજ્યભાષા તરીકે નહી 'રાષ્ટ્રભાષા' બનાવવી જોઈએ. આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. કાર્યક્રમનું સમાપન મ.શિ. જાગૃતિબેન મોદીએ કર્યું હતું.

## હરિની દૃષ્ટિ...



એક વાર ગોકુળ આવો, માતાજીને મોઢે થાઓ, એમ મારા વ્હાલાને વઢીને કહેજો રે!

## વડાપ્રધાનને શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા.૧૬

સંસ્કાર ગ્રુપ ગાંધીનગર દ્વારા આજે ગુજરાતના પનોતા પુત્ર અન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિર્ઘાયુ માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરવામાં આવી છે અને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશ હરણફાળ વિકાસ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી છે.

## ટેકવોન્ડો સ્પર્ધામાં ઈન્ફોસિટી સ્કૂલ અગ્રેસર રહી

ગાંધીનગર, તા. ૧૬

સરગાસણ ઈન્ફોસિટી સ્કૂલના વિદ્યાર્થીઓએ અમદાવાદમાં યોજાયેલ સ્ટેટ લેવલની ટેકવોન્ડો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ છે. સ્પર્ધામાં શાળાના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં મીત પટેલે ગોલ્ડ અને માનવ સુખડીયા, આદિત્ય લીંબાચીયા અને ધ્રુવીલ જોશીએ બ્રોન્ઝ મેડલ મેળવી શાળાની શાન વધારી છે. વિદ્યાર્થીઓને કોચ અજય જાડેજા દ્વારા કોચીંગ આપવામાં આવ્યું હતું.

## ચિલોડાની ઓમ લેન્ડમાર્ક શાળાનો રગ્બી ફુટબોલમાં ઉત્કૃષ્ઠ દેખાવ





ચિલોડા ખાતે આવેલ ઓમ લેન્ડમાર્ક શાળાના ખેલાડીઓએ ગુજરાત રાજય રગ્બી ફુટબોલની અરવલ્લી જિલ્લાના ભિલોડા ખાતે યોજાયેલ સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. આ સ્પર્ધામાં છોકરીઓએ તેમના વિભાગમાં પ્રથમ અને છોકરાઓએ તેમના વિભાગમાં તૃતીય ક્રમ મેળવ્યો હતો. ટ્રસ્ટી મંડળ તથા આચાર્ય સહિત શાળા પરિવારે બંને ટીમોને અભિનંદન પાઠવ્યા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## 'શૂન્યથી શિખર...' 'ચાની ચુસ્કી' થી 'વડાપ્રધાનના વટ'ની મોદીની સફર..!!




બાળપણમાં એ મોટા ભાઈની સાથે ચાની કિટલીએ કામ કરતાં. કોઈ પણ કામ એકાગ્રતાથી કરવાની એમની ટેવ. ચા ના આંધણને કેટલી આંચ આપવાની, એ એમને અનુભવમાંથી શીખવા મળેલું. તપેલાનું પાણી કયારે ઉકળશે, એનો એમને અમૂક અંદાજ હતો. પાણી કેટલી વાર ઉકળવા દેવું, એનું ગણિત એમનાં મનમાં પાક્કું જ હતું. ચા નો ટેસ્ટ કેવો આવ્યો છે? એ પીનારાના ચહેરા પરથી ઓળખવા એ ધારીને જોઈ રહેતા. ચહેરાના હાવભાવ પરથી સામેની વ્યક્તિના મનમાં શું ગડમથલ ચાલે છે? એનો અંદાજ કાઢવાની ટેવ બાળપણથી જ હતી... એ બાળક એટલે ભારતના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર દામોદરદાસ મોદી.

ગુજરાતની પ્રાચીન રાજધાની વડનગરના એક સામાન્ય કુટુંબમાં જન્મેલો આ બાળક પરિસ્થિતિથી દાઝીને જ મોટો થયો. મોટા પરિવારનો આર્થિકભાર હળવો કરવા ચાની કીટલીએ કામ કરી પિતાને મદદરૂપ બનતાં. કદાચ આ વ્યવસાયને કારણે લોકોમાં સતત રહેવાની, એમની સાથે વાત કરવાની, એમનાં ચહેરા વાંચવાની અને લોકોની ચર્ચા સાંભળવાની કે ચર્ચામાં ઝુકાવવાની બધી કળાઓ એ અહીંથી જ શિખ્યા હશે!!

થોડા મોટા થયેલા નરેન્દ્ર મોદી ગુજરાત પરિવહન કોર્પોરેશનના ઉપહારગૃહમાં કામ કરવા લાગ્યા. આ કામ પેલી નિયમિત કિટલી કરતાં અઘરું હતું. ગ્રાહકોની સંખ્યા વધી ગઈ. ત્યાં આવનારી બસોના ટાઈમ ટેબલ સાથે ગરમાગરમ ચાનું સમયપત્રક મેળવવાં લાગ્યા. ગ્રાહકને ગરમ ચા મળે પણ ચા વધી ન પડે એવી કસરત એમને કરવી પડતી. આયોજનનું મૂળમંત્ર એ અહિંથી શીખેલાં. ઘરની પરિસ્થિતિ અતિ સામાન્ય એટલે દરેક વાત એકદમ વિચાર કરી કરવી પડે. કયારે શું કરવું? કેટલું લાવવું કે વાપરવું? એવું વ્યવહારું જ્ઞાન ત્યારથી જ શીખી ગયેલા. એટલે કરકસરનો, વિચારપૂર્વક નિર્ણય લેવાનો અને નિર્ણયને નિર્ધારિત સમયમાં પાર પાડવાની સિદ્ધિ ત્યારથી જ એમનામાં આવી...

કિશોર વયનાં નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સંપર્કમાં આવ્યા. અને પોતે કંઈક નિર્ણય પર આવ્યા. આમ તો સાધુ-સંન્યાસી બનવાની ઈચ્છા હતી અને એકવાર પ્રયત્ન પણ કરી ચુકેલા, પણ સંઘના વિચાર અને એમની ગરીબીને કારણે નિર્ધાર પાક્કો થયો... સંઘના વસંતરાય ગજેન્દ્ર ગડકર જેવા જયેષ્ઠ કાર્યકર્તાએ નરેન્દ્ર મોદીમાં કંઈક દમ છે એવું ઓળખી કાઢ્યું. મહારાષ્ટ્રના વસંતરાવ ભાગવતે જેમ પ્રમોદ મહાજન અને ગોપીનાથ મુંડેને શોધ્યા એમ ગડકરે એ નરેન્દ્ર મોદીને શોધેલાં હતા.

'જન્મદાત્રી માતા નહીં પણ ભારત માતા પ્રથમ'ના સિદ્ધાંત પર સ્વાર્થ રહીત કામોની યાત્રા શરૂ થઈ... એક ચૂંટણી વખતે જનસંઘનો ઉમેદવાર નિશ્ચિત થયો, જાહેર પણ થયો પણ એ વખતે કાર્યકરોને બીજો જ ઉમેદવાર જોઈતો હતો અને એમણે ગજેન્દ્ર ગડકરના ભાઈ માટે જીદ પકડી. ગજેન્દ્ર ગડકરને ઉમેદવાર બદલવો એ કાંઈ અશકય વાત નહોતી, પણ એમણે એમના બાઈનો વિચાર ન કરતાં જુનો ઉમેદવાર જ કાયમ રાખ્યો. 'પક્ષનો નિર્ણય અંતિમ' એ વિચાર નરેન્દ્ર મોદીના મનમાં ઘર કરી ગયો. એ જ વખતે દેશ અને પક્ષની સામ કુટુંબને ગૌણ ગણવાની માનસિકતા પાક્કી થઈ ગઈ...

ગુજરાતના સળંગ ત્રણ વખત મુખ્યમંત્રી મોદીના ભાઈ કોઈ નિવૃત્ત શિક્ષક, કોઈ કારકુન તો કોઈ અન્ય સામાન્ય નોકરીમાં બીલકુલ આપણાં જેવું સામાન્ય જીવન જીવે છે. નરેન્દ્ર મોદી પર એમનાં વિરોધીઓને અનેક આક્ષેપ કર્યા, પણ એમને એમનાં કુટુંબને કોઈ લાભ કરાવ્યો હોય રાજકારણ લાવ્યાં હોય કે બીજી કોઈ




વિશિષ્ટ સવલત આપ્યાનો આરોપ લગાવી શકયા નથી. મોદીના ભાઈ, બહેન, કાકા, ભત્રીજા રાજકારણમાં આવ્યાં નથી...

૧૭મી સપ્ટેમ્બરે એમનો ૬૫નો જન્મદિવસ મનાવવા થનગનતા દેશવાસીઓને ખબર નહીં હોય કે દેશ માટે કંઈક કરવાની નેમ સાથે એમણે ૧૭મે વર્ષે જ ગૃહત્યાગ કર્યો હતો. ભારતભરમાં ભ્રમણ કર્યું હતું. માણસો શોધવાના, માણસો ઓળખવાનાં અને માણસોને સંઘમાં જોડવાનાં એ જ એમનું જીવનકાર્ય હતું. ગોવળકર ગુરૂજીની પ્રેરણામાંથી એમણે વિરકતીનો ભાવ શીખ્યો. દીનદયાળ ઉપાધ્યાયનો પ્રેરણામાંથી સર્વસામાન્ય માણસની ઉન્નતી અને છેવાડાના માનવીને લાભ મળે એવું અર્થશાસ્ત્ર એમને શીખવા મળ્યું. બાળા સાહેબ દેવરસમાંથી અત્યંત કઠીન કાર્ય સાથે માનસિક મજબૂતી શીખ્યા તો અટલ બિહારી વાજપેયીના સહવાસથી એમનામાં કાવ્ય અને વાણીમાં વકૃતત્વ સહજતાથી ખીલતું ગયું...

વસંતરાય ગજેન્દ્ર ગડકરનું નિધન થયું, ત્યારે શ્રદ્ધાંજલિ અર્પતા મોદી સહજતાથી બોલ્યાં, 'શામ હોને સે પહેલે હી સૂરજ ઢળ ગયા.' મોદીના મનના તંતૂઓ કયાંક વાજપેયી સાથે મેળખાતાં ઉપસ્થિત સૌને લાગ્યું હતું. 'કાંઈક બનવા કરતાં કંઈક કરવાનો હું સતત વિચાર કરતો હોઉં છું.' એવું મોદી કહેતા હોય છે. જયાંથી સામાન્ય માણસ વિચારવામાં અટકે છે ત્યારથી એ શરૂઆત કરે છે. આજેય લોકો એમનાં માટે ઘણું બોલે છે, પણ મોદી માત્ર કંઈક નવું જ કરીને લોકોના હૃદયમાં રાજ કરે છે...

પ્રત્યેક ડગલું વિચાર કરીને જ ભરવાનું અને ભર્યા બાદ પાછું નહીં વળવાનું એ એમની નાનપણથી ટેવ હજુયે બરકરાર છે, કયાં પ્રશ્નને કેટલો ગરમ કરવાનો? એનું આયોજન કાયમ તૈયાર જ હોય છે. એકાદો પ્રશ્ન કયારે ઉકળશે? એ એમને ખબર જ હોય છે કેટલો પ્રશ્ન સળગતો રાખવાનો, કયાં સુધી રાખવાનો? એનું ગણિત ફીટ છે, 'મૌત કા સૌદાગર' જેવા આરોપોથી વિચલીત થયા વગર ટકી રહેવાનું અને ઊલટું આરોપ કરનારને જ આરોપી બનાવી દેવાનું ચાણક્ય નીતિ જેવું જટીલ કૌશલ્ય પણ ધરાવે છે!!

એમની ભાષાનો અને આરોપોનો મોદી પુષ્કળ ફાયદો ઉઠાવે છે. આરોપ કરનારાંને કાયમ એવું થાય છે કે કયાં આપણે આવું બોલ્યાં? આને આનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે ચા ની કિટલી વાળો છે. એમણે એને 'ચાય પે ચર્ચા' કરી આખો ભારતનો ગાઢ જીતી લીધો... એમણે કોંગ્રેસના કોઈ પણ નેતા-કાર્યકરની ટીકા કરવાને બદલે સોનિયા ગાંધી અને મનમોહન સિંઘને ટાર્ગેટ કર્યા. એમને ખબર હતી થડ પર કરવત ફેરવીશ તો ડાળા-પાંદડા તો આપોઆપ ખરી પડશે. 'તુમ્હારે લીયે તુમ્હારી મા હી સારા દેશ હૈ, લેકિન હમારે લીયે દેશ હી હમારી માં હૈ' એવી કાવ્યમય શબ્દોમાં રાહુલ ગાંધી પર નિશાન તાકવામાં પારંગત પણ છે...

પોતાનો સંદેશ લોકો સુધી પહોંચાડવા મીડિયાથી લઈ વિરોધીઓ સુધી એ આબાદ પહોંચે છે. એ પ્રોફેશનલ બેટ્સમેનની જેમ પરફેક્ટ ટાઈમીંગથી ઘણાંને બાઉન્ડ્રી બહાર પર મોકલી દે છે એમનો આત્મ વિશ્વાસ એટલો બુલંદ છે કે એકાદો ફટકો માર્યા બાદ બોલ બાઉન્ડ્રીની બહાર જાય ત્યાં સુધી ખાત્રીપૂર્વક શાંતિથી એ ખેલ જોયા કરે છે. એ રન ચોરીને નથી લેતાં, કારણ એની એમને જરૂર જ નથી પડતી...

'મોદી એકટસ એન્ડ અધર્સ રિએકટસ' એવું વરિષ્ઠ પત્રકાર એમ.જે. અકબરે કહેલું. એટલે એક રીતે જોઈએ તો મોદીના વિરોધીઓએ જ એમને ચર્ચાના કેન્દ્રમાં રાખેલાં અને એમાં જ એ કેન્દ્ર સરકાર બનાવી વડાપ્રધાન પદે સત્તારૂઢ પણ થઈ ગયા... માર્કેટીંગના ખ્યાતનામ ઉદ્યોગપતિ અલેક પદ્મસી એ કીધેલું, 'કોઈ પણ સફળ ઉદ્યોગપતિ પોતાની બ્રાંડ કયારેય બદલતો નથી, એ એમનાં સ્પર્ધકોને બ્રાંડ બદલાવે છે.' નરેન્દ્ર મોદીએ બધાની બ્રાંડ બદલાવી દીધી છે...

ચાની કિટલીની બ્રાંડમાંથી છેક વડાપ્રધાની ખુરશીની એમની શૂન્યથી શિખરની સફર એમને અન્યોથી અલગ પાડે છે. ગુજરાતના પનોત્રા પુત્ર નરેન્દ્ર મોદીને એમનાં જન્મ દિનની હાર્દિક શુભેચ્છા સાથે એક જ આશા કે 'અચ્છે દિન આયેંગે' એવું સૌ દિલથી કહેતા થાય.